અપીલ અરજી નં.૪૪૪ તા.૧–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બી.સી.સોનવણે
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (રોડ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બી.સી.સોનવણેની તા. ૧૨–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અલથાણ બ્રીજથી પીયુષ કોમ્પલેક્ષથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના આર.સી.સી. રોડનું કામ પુરું થયેલ છે કે નહી? (૨) અલથાણ બ્રીજથી પીયુષ કોમ્પલેક્ષ સુધીના આર.સી.સી. રોડના કેટલા વખત કોન્ટ્રાકટરને નાણા આપવામાં આવેલા છે? અને ફાયનલ બીલના કેટલા રૂપિયા આપવામાં આવેલા છે? મુદ્દા નં.(૩) પીયુષ કોમ્પલેક્ષથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના આર.સી.સી. ના રસ્તાના બીલના નાણા કેટલી વખત કોન્ટ્રાકટરને આપવામાં આવેલા છે? અને ફાયનલ બીલના કેટલા રૂપિયા કોન્ટ્રાકટરને આપવામાં આવેલા છે? વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૧–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૪૪/૨૦૧૧–૧૨

શ્રી બી.સી.સોનવણેની તા. ૧૨–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અલથાણ બ્રીજથી પીયુષ કોમ્પલેક્ષથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના આર.સી.સી. રોડનું કામ પુરું થયેલ છે કે નહી? (૨) અલથાણ બ્રીજથી પીયુષ કોમ્પલેક્ષ સુધીના આર.સી.સી. રોડના કેટલા વખત કોન્ટ્રાકટરને નાણા આપવામાં આવેલા છે? અને ફાયનલ બીલના કેટલા રૂપિયા આપવામાં આવેલા છે? મુદ્દા નં.(૩) પીયુષ કોમ્પલેક્ષથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના આર.સી.સી. ના રસ્તાના બીલના નાણા કેટલી વખત કોન્ટ્રાકટરને આપવામાં આવેલા છે? અને ફાયનલ બીલના કેટલા રૂપિયા કોન્ટ્રાકટરને આપવામાં આવેલા છે? વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે માહિતી અધિકારીશ્રી વતી આપવામાં આવેલ છે આપેલ માહિતી ખોટી અને અધુરી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં. આરટી આઈ સેલ/૧૨૩૧ તા.૧૪–૧૨–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી પુરી વિગતે જણાવેલ ન હોઈ તે તથા ફી ભર્યાની વિગત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી રોડ વિભાગ તરફથી પત્ર નં.આરડીડી/આ.નં.૬૬૨ તા.૩૧–૧૨–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડેલ પત્રની નકલ તથા તે પૂર્વે તેઓ કક્ષાએથી અરજદારને આપેલ માહિતી પત્ર નં.આરડીડી/૫૫૩ તા.૨૩–૧૧–૧૧ ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૯–૧૨–૧૧ થી પૂરક વિગતનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૨–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૧૦૪૯ તા.૧૫–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી રોડ એન્ડ ડેવલોપમેન્ટને તબદીલ કરવામાં આવેલ. જેના સંદર્ભે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી રોડ વિભાગ તરફથી પત્ર નં.આરડીડી/આ.નં.૫૫૩ તા.૨૩–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે તથા અપીલ તબકકે તેમના પત્ર નં.આરડીડી/ ૬૬૨ તા.૩૧–૧૨–૧૧ થી પૂરક માહિતી પણ અરજદારને પૂરી પાડવામાં આવ્યાની નકલ રજૂ કરેલ છે. જે બાબતે અરજદારે જવાબ માહિતી અધિકારી વતી આપવામાં આવેલ છે તેની સામે વાંધો છે તેવું જણાવી ૧–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) અલથાણ બ્રીજથી પિયુષ કોમ્પલેક્ષથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના આર.સી.સી. રોડનું કામ પુરું થયેલ છે કે નહી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પેકેજ ૪ અંતર્ગત અલથાણ ખાડી બ્રીજથી પીયુષ કોમ્પ. થઈ દક્ષેશ્વર મંદિર

સુધીનું કામ પૂર્ણ થયેલ છે. તેવું તા.૨૩–૧૧–૧૧ ના પત્રથી જણાવેલ છે. જે અંગે અપીલ તબકકે અરજદાર ધ્વારા જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉત્તર ખોટો આપેલ છે તેવું જણાવી ૩૫ ફુટ આર.સી.સી. રોડ છે દક્ષિણ દિશામાં ડીવાઈડરથી ફકત ૨૫ ફુટ કામ થયેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અપીલ તબકકે પૂરક પત્ર ધ્વારા અરજદારને જણાવેલ છે કે આ બાબતે તેમના ધ્વારા પિયુષ કોમ્પ. થી દક્ષેશ્વર મહાદેવ સુધીના રોડ પૈકી કયા ભાગ બાબતે માહિતી માંગેલ છે તે તમારા ધ્વારા જણાવવામાં આવેલ નથી. જેથી સદર બાબતની સ્પષ્ટતા કરવા વિનંતી. જેથી રોડ વિભાગ તરફથી તેને અનુલક્ષી જવાબ કરી શકાય. જેમાં અરજદારે પિયુષ કોમ્પ. થી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના રસ્તાનું કામ પૂર્ણ થયેલ નથી. ઉત્તરમાં ૩૫ ફુટ આર.સી.સી. રોડ છે દક્ષિણ દિશામાં ડીવાઈડેટરથી ફકત ૨૫ ફુટ કામ થયેલ છે એટલે કે માહિતી અધિકારીએ આપેલ માહિતી ખોટી છે અને તેની સામે અમારો વાંધો છે. અરજદારે મુળ અરજીમાં કામ પૂર્ણ થયેલ છે કે કેમ? તેવો પ્રશ્ન પુછેલ છે. અરજદારે મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં ફકત કામ પુરું થયેલ છે કે નહી તેવા પ્રશ્નનો જવાબ જાહેર માહિતી અધિકારીએ આપેલ છે. અરજદારે કેટલા ફુટ કામ થયું તેવો મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. (૨) અલથાણ બ્રીજથી પિયુષ કોમ્પલેક્ષ સુધીના આર.સી.સી. રોડના કેટલા વખત કોન્ટ્રાકટરને નાણા આપવામાં આવેલા છે? અને ફાયનલ બીલના કેટલા રૂપિયા આપવામાં આવેલા છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પેકેજ નં.૪ અંતર્ગત અલથાણ ખાડી બ્રીજથી પિયુષ કોમ્પ. સુધીના સી.સી. રોડના કામ માટે ઈજારાદારને સદર કામના ટેન્ડર મુજબ સ્થળ ઉપર કામ કર્યા પ્રમાણે કુલ–૨૯ રનીંગ બીલોથી વખતો વખત નાણા આપવામાં આવેલ છે. ફાયનલ બીલ પેટે નીકળતા નાણા કોન્ટ્રાકટરને હાલ પર્યન્ત આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદાર અપીલ તબકકે રજૂઆત કરેલ છે જે હપ્તાની સંખ્યા બનાવેલ નથી તથા આજ દિન સુધી કેટલા નાણા આપવામાં આવેલ છે તે પણ બતાવેલ નથી જે અંગે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક પત્ર ધ્વારા પેકેજ ૪ અંતર્ગત અલથાણ ખાડી બ્રીજથી પિયુષ કોમ્પ. સુધીના સી.સી. રોડ બનાવવા માટે તમો ધ્વારા કેટલા વખત નાણાના હપ્તાની સંખ્યા બાબત જણાવેલ છે જે બાબતે હપ્તા પધ્ધતિથી ઈજારાદારને નાણા આપવામાં આવેલ નથી પરંતુ રનીંગ બીલથી સદર કામના ટેન્ડર મુજબ સ્થળ ઉપર કામ થયા પ્રમાણે વખતો વખત નાણા આપવામાં આવે છે. ઉપરોકત રોડ માટે ઈજારાદારને અત્યાર સુધીમાં ૨૯ રનીંગ બીલોથી રૂા.૧૪,૩૩,૬૧,૦૧૭/– આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) પિયુષ કોમ્પલેક્ષથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના આર.સી.સી. ના રસ્તાના બીલના નાણા કેટલી વખત કોન્ટ્રાકટરને આપવામાં આવેલા છે? અને ફાયનલ બીલના કેટલા રૂપિયા કોન્ટ્રાકટરને આપવામાં આવેલા છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પેકેજ નં.૪ અંતર્ગત પિયુષ કોમ્પ. થી દક્ષેશ્વર સુધીના સી.સી. રોડના કામ માટે ઈજારાદારને સદર કામના ટેન્ડર મુજબ સ્થળ ઉપર કામ કર્યા પ્રમાણે કુલ–૨૯ રનીંગ બીલોથી વખતો વખત નાણા આપવામાં આવેલ છે. ફાયનલ બીલ પેટે નીકળતા નાણા કોન્ટ્રાકટરને હાલ પર્યન્ત આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પેકેજ ૪ અંતર્ગત અલથાણ ખાડી બ્રીજથી પીયુષ કોમ્પ. સુધીના સી.સી. રોડ બનાવવા માટે તમો ધ્વારા કેટલા વખત નાણાના હપ્તાની સંખ્યા બાબત જણાવેલ છે જે બાબતે હપ્તા પધ્ધતિથી ઈજારાદારને નાણા આપવામાં આવેલ નથી પરંતુ રનીંગ બીલથી સદર કામના ટેન્ડર મુજબ સ્થળ ઉપર કામ થયા પ્રમાણે વખતો વખત નાણા આપવામાં આવે છે. ઉપરોકત રોડ માટે ઈજારાદારને અત્યાર સુધીમાં ૨૯ રનીંગ બીલોથી રૂા.૧૪,૩૩,૬૧,૦૧૭/– આપવામાં આવેલ છે. આમ અરજદારે અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ જે બાબતે પણ જાહેર માહિતી અધિકારીએ પૂરક પત્રથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી બે પત્રો ધ્વારા પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તથા મુદ્દા નં.૧ બાબતે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્નો અંગે આરટીઆઈના નિયમ અને કાયદાની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (રોડ વિભાગ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી બી.સી.સોનવણે,